# JEE એડવાન્સ્ડ પરીક્ષામાં દિલ્હી ઝોનનો શુભમ કુમાર પ્રથમ

**કુલ** ૫૬,૮૮૦ ઉમેદવારો ક્વોલિફાય થયા, શુભમ કુમારે ૩૬૦માંથી ૩૩૦ માર્ક્સ મેળવ્યા

**દિલ્હી** ઝોનની જ આરોહી દેશપાંડે ૭૭મા ઓલ ઇન્ડિયા રેન્ક સાથે ટોચની મહિલા ઉમેદવાર



નવી દિલ્હી, તા. ૧(PTI): સત્તાવાળાઓએ સોમવારે જાહેરાત કરી છે કે, દિલ્હી ઝોનના શુભમ કુમારે ૩૬૦માંથી ૩૩૦ માર્ક્સ મેળવીને IIT પ્રવેશ પરીક્ષા JEE-Advancedમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (Advanced) ૨૦૨૬માં કુલ ૫૬,૮૮૦ ઉમેદવારો ક્વોલિફાય (ઉત્તીર્ણ) થયા છે. કુલ ક્વોલિફાય થયેલા ઉમેદવારોમાંથી ૧૦,૧૦૭ મહિલા ઉમેદવારો છે, જ્યારે પુરુષ ઉમેદવારોની કુલ સંખ્યા ૪૬,૭૭૩ છે. આ પરીક્ષામાં બેસનાર એકમાત્ર થર્ડ-જેન્ડર (તૃતીય લિંગ) ઉમેદવાર સફળ થઈ શક્યા નથી. આ પરીક્ષા માટે ૩,૦૫૨ દિવ્યાંગ ઉમેદવારોએ પણ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી ૨,૮૬૪ બંને પેપરમાં હાજર રહ્યા હતા અને ૮૮૭ ઉમેદવારો ક્વોલિફાય થયા હતા. IIT દિલ્હી ઝોનના શુભમ કુમારે ૩૬૦માંથી ૩૩૦ માર્ક્સ મેળવીને કોમન રેન્ક લિસ્ટ (CRL) માં પ્રથમ રેન્ક મેળવ્યો છે. IIT દિલ્હી ઝોનની જ આરોહી દેશપાંડે ૭૭મા ઓલ ઈન્ડિયા રેન્ક (CRL) સાથે ટોચની મહિલા ઉમેદવાર તરીકે ઉભરી આવી છે. તેણે ૩૬૦માંથી ૨૮૦ માર્ક્સ મેળવ્યા છે. કબીર છિલ્લર ૩૨૯ માર્ક્સ સાથે બીજા ક્રમે આવ્યા છે, જ્યારે જતિન ચહરે ૩૧૯ માર્ક્સ સાથે ત્રીજો રેન્ક મેળવ્યો છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT) રૂરકી દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામના આંકડા અનુસાર, ૧૭ મેના રોજ લેવાયેલી JEE (Advanced) ૨૦૨૬ પરીક્ષામાં નોંધાયેલા ૧,૮૭,૩૮૯ ઉમેદવારોમાંથી કુલ ૧,૭૯,૬૯૪ ઉમેદવારો બંને પેપરમાં હાજર રહ્યા હતા. IIT મદ્રાસ ઝોનમાં સૌથી વધુ ૧૪,૨૯૪ ઉમેદવારો ક્વોલિફાય થયા છે, ત્યારબાદ IIT બોમ્બેમાં ૧૨,૩૮૯ અને IIT દિલ્હીમાં ૧૦,૬૯૭ ઉમેદવારો ક્વોલિફાય થયા છે. પરીક્ષા આપનારા ઉમેદવારો સત્તાવાર JEE Advanced વેબસાઈટ દ્વારા પોતાનું પરિણામ જોઈ શકે છે અને ફાઈનલ આન્સર કી (ઉત્તરવહી) ડાઉનલોડ કરી શકે છે.

# ‘ધ ગ્રેટ ગ્રાન્ડ સુપરહીરો : એલિયન્સ કા આગમન’

ઝી સ્ટુડિયોઝ અને અમદાવાદ ફિલ્મ્સની આ ફિલ્મ શાળાના એવા બાળકોની વાર્તા છે, જેમને વિશ્વાસ અપાવવામાં આવે છે કે તેમના મિત્રના દાદા એક સુપરહીરો છે. દાદા પણ બાળકોની ઉત્સુકતા જોઈને આ વાતમાં હા એ હા મિલાવે છે અને કહે છે કે જ્યારે એલિયન્સ સામે લડવાનું થશે ત્યારે તેમની શક્તિઓ પાછી આવી જશે. અણધારી રીતે, એક દિવસ સાચે જ એલિયન્સ પૃથ્વી પર ઊતરે છે અને દાદામાં સુપરપાવર્સ આવી જાય છે!

મનીષ સૈનીએ એક સારો સંદેશ આપતી સરળ વાર્તા અને હાસ્યસભર પટકથા લખી છે, જે પ્રેક્ષકોને જકડી રાખે છે. ઈન્ટરવલ પછી ફિલ્મ થોડી ધીમી પડે છે, પરંતુ ક્લાઈમેક્સ ખૂબ જ કલ્પનાશીલ અને મનોરંજક છે. આ ફિલ્મ ખાસ કરીને બાળકોને ખૂબ ગમશે. અભિનયની વાત કરીએ તો, જેકી શ્રોફે સુપરહીરો દાદા તરીકે શાનદાર કામ કર્યું છે. એક નબળા વૃદ્ધમાંથી સુપરહીરો બનવાનો તેમનો અંદાજ તાળીઓ મેળવે તેવો છે. બાળ કલાકારો શિવાંશ ચૌરઘે (લડ્ડુ), મિહિર ગોડબોલે (દીપુ), જીહાર હોદાર (ચાણક્ય) અને રુદ્રાંશ ચોંડેકરે અદ્ભુત અભિનય કર્યો છે. વિલન બનેલા પ્રતીક પાટીલ અને અન્ય સહાયક કલાકારોએ પણ સારો સાથ આપ્યો છે. મનીષ સૈનીનું નિર્દેશન પ્રશંસનીય છે, જે બાળકોની સાથે મોટાઓને પણ કંટાળવા દેતું નથી. જોકે, ફિલ્મનું સંગીત અને ગીતો નબળાં છે, જ્યારે એડિટિંગ અને એક્શન દ્રશ્યો સારા છે.




**પ્લસ પોઈન્ટ્સ**

જેકી શ્રોફનો શાનદાર અભિનય: કાયર અને આળસુ વૃદ્ધમાંથી સુપરહીરો બનવાનું તેમનું ટ્રાન્સફોર્મેશન જોરદાર છે.

ફિલ્મમાં હાસ્ય અને અંત ભાગ ખૂબ જ મનોરંજક છે જે બાળકોને બેહદ પસંદ આવશે. તમામ બાળ કલાકારોએ ખૂબ જ સહજ અને પ્રભાવશાળી અભિનય કર્યો છે.

**માઈનસ પોઈન્ટ્સ**

નબળું સંગીત: ફિલ્મનાં ગીતો અને મ્યુઝિક સરેરાશથી નીચેના સ્તરના છે, જે પ્રભાવ છોડી શકતા નથી.

ઈન્ટરવલ પછી થોડા સમય માટે ફિલ્મની સ્પીડ ઘટી જાય છે.

## પેજ 3

## પ્રિયંકા ચોપરાએ બિકીનીમાં પૂલના ફોટા શેર કરી ‘એક્ઝોટિક વાઇબ્સ’ આપ્યા



મુંબઈ, તા. ૧ : એસ. એસ. રાજામૌલીની આગામી ફિલ્મ ‘વારાણસી’ના શૂટિંગમાં વ્યસ્ત હોવા છતાં અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ આરામ કરવા અને રિલેક્સિંગ વીકએન્ડનો આનંદ માણવા માટે સમય કાઢ્યો હતો. અભિનેત્રીએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર ફોટા અને વીડિયોની એક સિરીઝ શેર કરી હતી, જેમાં તેણે ચાહકોને દર્શાવ્યું કે, તેણે રજાનો દિવસ કેવી રીતે વિતાવ્યો. તેના પૂલસાઇડના ફોટાઓએ સોશિયલ મીડિયા પર ઝડપથી લોકોનું ધ્યાન ખેંચ્યું હતું, જેમાં ઘણા ચાહકોએ તેના લુકના વખાણ કર્યા હતા અને તેના ૨૦૧૩ના ગીત ‘એક્ઝોટિક’ની યાદો તાજી કરી હતી. રવિવારે પ્રિયંકાએ ઇન્સ્ટાગ્રામ પર તેના આરામદાયક વીકએન્ડની પળો દર્શાવતી એક ફોટાઓની સિરીઝ પોસ્ટ કરી હતી. જેમાંના એક ફોટામાં તે બ્લેક બિકીનીમાં સ્વિમિંગ પૂલ પાસે આરામ કરતી જોવા મળી હતી.

## બોલિવૂડ એક્સેલ શીટ્સને જ્યારે તેલુગુ સિનેમા જુસ્સાને અનુસરે છે : જાહ્નવી કપૂર



મુંબઈ, તા. ૧ : બોલિવૂડ અભિનેત્રી જાહ્નવી કપૂરે હિન્દી અને તેલુગુ ફિલ્મ ઉદ્યોગ વચ્ચે તેણે જોયેલા તફાવતો વિશે ખુલીને વાત કરી હતી અને જણાવ્યું હતું કે, તેલુગુ સિનેમા સર્જનાત્મક પ્રક્રિયા પર વધુ ભાર મૂકે છે અને કામના કલાકો માટે વધુ સારા સન્માન સાથે તંદુરસ્ત કાર્ય સંસ્કૃતિ જાળવી રાખે છે. તેણીએ તાજેતરમાં આપેલા એક ઇન્ટરવ્યુ દરમિયાન બંને ઉદ્યોગો વચ્ચેના તફાવતો પર પોતાના વિચારો શેર કર્યા હતા. તેણીની આગામી ફિલ્મ ‘પેડ્ડી’ના સહ-કલાકાર રામ ચરણ સાથે વાતચીત દરમિયાન જાહ્નવીએ જણાવ્યું હતું કે, તેલુગુ ઉદ્યોગમાં ફિલ્મના સેટ કડક સમયમર્યાદા અને સમયપત્રકને બદલે સિનેમા પ્રત્યેના જુસ્સાથી પ્રેરિત હોય છે.



# પીઢ ગાયિકા સુમન કલ્યાણપુરનું નિધન, પુત્રીએ મુખાગ્ની આપી

**રવિવારે** મોડી રાત્રે ૮૯ વર્ષની વયે છેલ્લા શ્વાસ લીધા,સોમવારે સરકારી સન્માન સાથે અંતિમ વિધિ સંપન્ન

**પરિવારજનોએ** ‘રહે ન રહે હમ’ ગાઇને અંતિમ વિદાય આપી

### ૧૩ ભાષાઓમાં ૩૫૦૦થી વધુ ગીતો ગાયા, કેટલાક ગીત લતાના નામે ચડી ગયા

‘બહેના ને ભાઈ કી કલાઈ મેં’ અને ‘ના ના કરકે પ્યાર’ જેવા યાદગાર ગીતો માટે જાણીતા આ ગાયિકા, કદાચ તેમના જમાનાના એકમાત્ર એવા મહિલા સિંગર હતા જેમણે લતા મંગેશકર અને આશા ભોંસલેના વર્ચસ્વવાળા હિન્દી સંગીત જગતમાં પોતાના માટે એક ખાસ સ્થાન બનાવ્યું હતું. તેમણે ગાયેલા કેટલાક ગીતો ખોટી રીતે લતા મંગેશકરના નામે ચડાવી દેવાયા હતા. કલ્યાણપુરે ૧૩ ભારતીય ભાષાઓમાં ૩૫૦૦ કરતા વધુ ગીતો ગાયા હતા, પરંતુ આમાં હિન્દી, મરાઠી અને બંગાળી ભાષામાં વધુ ગીતો ગાયા હતા.

મુંબઇ, તા. ૧: જેમને લતા અને આશા સન્માન અને પ્રસિદ્ધિ મળી શક્યા હોત પરંતુ તેમના કૌશલ્ય અને ક્ષમતાની કદાચ પુરી કદર નથી થઇ એવું અનેક કલારસિકોને લાગે છે તેવા અનેક યાદગાર ગીતોના ગાયિકા સુમન કલ્યાણપુરનું રવિવારે મોડી રાત્રે અવસાન થયું છે.

ભાવસભર ‘ના તુમ હમેં જાનો’થી લઈને રોકિંગ ‘આજ કલ તેરે મેરે’ સુધીના મધુર ગીતોના ગાયિકાનું રવિવારે રાત્રે તેમના નિવાસસ્થાને વૃદ્ધ વય સંબંધિત બીમારીઓના કારણે અવસાન થયું હતું. તેઓ ૮૯ વર્ષના હતા.

સોમવારે મુંબઇમાં સરકારી સન્માન સાથે તેમની અંતિમવિધિ થઇ હતી. તેમના પાર્થિવ દેહને ત્રિરંગામાં લપેટવામાં આવ્યો હતો અને મુંબઈ પોલીસના જવાનોએ સાંતાક્રુઝ ઓડિટોરિયમ ખાતે ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું, જ્યાં તેમની પુત્રી ચારુએ અંતિમ સંસ્કારની વિધિઓ પૂર્ણ કરી હતી. જ્યારે ચિતાને મુખાગ્નિ આપવામાં આવી, ત્યારે તેમના અનેક મિત્રો અને પરિવારજનોએ ૧૯૬૬ની ફિલ્મ મમતાના યાદગાર યુગલ ગીત ‘રહેં ન રહેં હમ, મહેકા કરેંગે’ ગાઈને એ ગાયિકાને અંતિમ વિદાય આપી.

# TMCએ પક્ષ-વિરોધી પ્રવૃત્તિઓ બદલ બે ધારાસભ્યોને હાંકી કાઢ્યા

**TMCના** બંને ધારાસભ્યોએ વિધાનસભામાં નકલી સહીના કેસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ તેમની હકાલપટ્ટી થઇ

કોલકાતા, તા. ૧ (પીટીઆઈ) તૃણમૂલ કોંગ્રેસે સોમવારે તેના બે ધારાસભ્યો, સંદીપન સાહા અને રીતબ્રત બેનર્જીને કથિત પક્ષ-વિરોધી પ્રવૃત્તિઓ બદલ પાર્ટીમાંથી હાંકી કાઢ્યા હતા. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ રાજ્ય સચિવાલય ખાતે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ બંને ધારાસભ્યોએ રાજ્ય વિધાનસભામાં નકલી સહીના કેસના સંબંધમાં ફરિયાદો નોંધાવી હતી, જ્યાં ટીએમસીએ શોભનદેબ ચટ્ટોપાધ્યાયને વિરોધ પક્ષના નેતા તરીકે સમર્થન આપ્યું હતું, તેના મિનિટો બાદ જ આ હકાલપટ્ટીનો આદેશ આવ્યો હતો.

બંને ધારાસભ્યોને સંબોધિત એક પત્રમાં જણાવાયું છે કે, ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (એઆઈટીસી) ના સક્ષમ સત્તાધિકારી દ્વારા પક્ષના ધ્યાનમાં લાવવામાં આવ્યું છે કે, એઆઈટીસી દ્વારા નામાંકિત ઉમેદવાર તરીકે ચૂંટાયા હોવા છતાં તમે પક્ષના અધિકૃત નેતૃત્વ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકોમાં વારંવાર હાજર રહેવામાં નિષ્ફળ રહ્યા છો અને પક્ષ-વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થયા છો.

પક્ષના ઉપપ્રમુખ ચંદ્રીમા ભટ્ટાચાર્ય દ્વારા હસ્તાક્ષર કરાયેલા આ પત્રમાં ઉમેરવામાં આવ્યું છે કે, એવું પણ જોવામાં આવ્યું છે કે તમે એવી પ્રવૃત્તિઓમાં સામેલ થયા છો અને એવા નિવેદનો આપ્યા છે જે એઆઈટીસીના હિતોને નુકસાન પહોંચાડે તેવા છે.

# સોશિયલ મીડિયા થકી પ્રેમમાં પડી LOC ઓળંગનાર POKનો યુવાન ઝડપાયો

**સ્નેપચેટ** પર તુલવારીની ઇરમ બાનો સાથે પ્રેમમાં પડી ઘૂસણખોરી કરનાર જીશાન મીર નિર્દોષ હોવાનું તારણ

શ્રીનગર, તા. 01 (પીટીઆઈ) સોશિયલ મીડિયા પર પાંગરેલા પ્રેમના કારણે સરહદ પારના એક ૨૨ વર્ષીય યુવાન જીશાન મીરે ઉત્તર કાશ્મીરના ઉરી સેક્ટરમાં ભારે સુરક્ષાવાળી લાઈન ઓફ કંટ્રોલ (એલઓસી) ઓળંગી હતી, પરંતુ સતર્ક આર્મીના જવાનોએ તેને પકડી લીધો હતો. એમ સત્તાવાર અધિકારીઓએ રવિવારે અહીં જણાવ્યું હતું.

ચાલુ તપાસની વિગતો જાણતા અધિકારીઓના જણાવ્યા અનુસાર, મીર મુઝફ્ફરાબાદમાં તેના પરિવારથી ખૂબ જ પરેશાન હતો, જેઓ તેના પર કમાણી કરવા અને ઘરનો આર્થિક બોજ ઉપાડવા માટે સતત દબાણ કરી રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રથમ દૃષ્ટિએ મીર નિર્દોષ અને ભારે પરેશાન દેખાય છે જે સતત ઘરેલું વિવાદના કારણે ગંભીર ડિપ્રેશનમાં સરી પડ્યો હતો.

